ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

# ગુજરાત માં ઔદ્યોગિક સ્થળાંતરિત શ્રમિકોની આર્થિક સ્થિતિનો અભ્યાસ

**PRAGNA PARMAR**

Research Scholar

ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

**Abstract:**

ભારતની કુલ નિકાસ મામલે ગુજરાત દેશનું અગ્રણી રાજ્ય બન્યું છે. વર્ષ ૨૦૧૮-૨૦૧૯માં દુનિયાના કુલ ૨૧૭ દેશોમાં ૪.૭૧ લાખ કરોડ રૂપિયાની નિકાસ થઇ છે. પેટ્રોલિયમ પ્રોડક્ટસની નીકાશમાં ગુજરાત ૩૯% હિસ્સા સાથે દેશમાં પ્રથમ સ્થાને છે, ઓર્ગેનિક કેમિકલની નીકાશમાં ગુજરાત ૫૩% હિસ્સા સાથે પ્રથમ છે. આ ઉપરાંત ગુજરાત પ્લાસ્ટિક રો મટિરિયલ્સ, કૃષિ રસાયણ ક્ષેત્રે પણ  દેશભરમાં પ્રથમ સ્થાને છે. બીજી તરફ ઔદ્યોગિક ઉત્પાદન બાબતે પણ ૨૦૧૭-૧૮માં પણ પ્રથમ સ્થાને હતું. તેમજ ગુજરાત ઔદ્યોગિક ક્ષત્રે આગવું સ્થાન ધરાવે છે. તેથી સ્થળાંતરનું પ્રમાણ વધુ જોવા મળે છે. ગુજરાતમાં અલગ અલગ સ્થળેથી થતાં  સ્થળાંતરિત વસ્તીનો ૧૯૯૧ થી ૨૦૦૧ સુધીમાં મોટા પાયે વધારો જોવા મળેલ છે. અને સ્થળાંતરિત શ્રમિકોની આર્થિક પરિસ્થિતિ નબળી જોવા મળેલ છે. તેમજ ૧૯૯૧ થી ૨૦૦૧ દરમિયાન વિદેશમાંથી થતા સ્થળાંતરમાં કોઈ ખાસ ફેરફાર જોવા મળતો નથી.

**પ્રસ્તાવના:**

ભારતના બંધારણની કલમ-૧૯ તમામ નાગરીકોને ભારતમાં સર્વત્ર મુક્તપણે ફરવાનો, ભારતના રાજ્યના ગમેતે ભાગમાં નિવાસ કરવાનો અને સ્થાયી થવાનો, કાનૂન માન્ય ગમે તે વ્યવસાય કરવાનો, વેપાર-ધંધો કરવાનો હક આપે છે. જો કે કાયદા દ્વારા આવા હક્ક ઉપર વ્યાજબી નિયંત્રણ મૂકી શકાય છે. મુક્તપણે સ્થળાંતર કરવાનો બંધારણીય હક વ્યક્તિ અને રાષ્ટ્રના વિકાસ માટે એક આદર્શ સ્થિતિ ગણવામાં આવે છે.

ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

**વ્યાખ્યાઓ:**

**ઉદ્યોગ:** "ચીજવસ્તુ, પદાર્થો અને સેવાઓનાં ઉત્પાદન અંગેની પ્રવૃતિ ઉદ્યોગ છે. અને જે એકમો તેમનું ઉત્પાદન હાથ ધરે છે તેને ઔદ્યોગિક એકમો કહેવાય છે.

**સ્થળાંતર:** યુનાઇટેડ નેશન્સ મલ્ટીલીંગલ ડેમોગ્રાફી ડીકશનરીમાં આપેલ સ્થળાંતરની વ્યાખ્યા પ્રમાણે "એક ભૌગોલિક એકમ અથવા બીજા એકમથી અન્ય ભૌગોલિક એકમ તરફની ભૌતિક ગતિશીલતા અથવા વિશેષ ગતિશીલતા જેમાં સામાન્ય રીતે મૂળ સ્થળ અને આગમનના સ્થળ વચ્ચેના રહેઠાણના ફેરફારનો સમાવેશ થાય છે."

**ઔદ્યોગિક શ્રમિક:** "ગૃહઉદ્યોગ અને તેના સિવાયના મેન્યુફેક્ચરીંગ ઉદ્યોગમાં કામ કરતાં શ્રમિકોને ઔદ્યોગિક શ્રમિકોની શ્રેણીમાં મૂકવામાં આવે છે.

**આર્થિક સ્થિતિ:** ઔદ્યોગિકક્ષેત્રમાં કામ કરતા શ્રમિકોના કુટુંબો પાસેની આર્થિક સધ્ધરતાનો સમાવેશ થાય છે.

**હેતુઓ:**

૧. ગુજરાતમાં ઔદ્યોગિક સ્થળાંતરિત શ્રમિકોની આર્થિક પરિસ્થિતિનો અભ્યાસ કરવો.

૨. ગુજરાતમાં ઔદ્યોગિક સ્થળાંતરિત શ્રમિકોની સમસ્યાઓ તપાસવી.

**સંશોધનની કાર્ય પદ્ધતિ:**

સંશોધન અભ્યાસ વૈજ્ઞાનિક બાબતો અનુસાર થાય તે મહત્વનું છે. તે પાયાની બાબત છે. પ્રસ્તુત સંશોધન વર્ણનાત્મક પ્રકારનું તેમજ ગુણાત્મક પદ્ધતિનો ઉપયોગ કરેલ છે.

ISSN 2454-8596
www.MyVedant.com
An International Multidisciplinary Research E-Journal

## ગુજરાતમાં સ્થળાંતર

ગુજરાત રાજ્યની સ્થાપનાથી જ ગુજરાતમાં શહેરીકરણ, ઉદ્યોગીકરણ અને વ્યાપારિક ધોરણ મળેલું છે. ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ દેશમાં બીજા રાજ્યોની તુલનાએ રોજગારીમાં આગવું સ્થાન ધરાવે છે. સાથે સાથે ઔદ્યોગિક વિકાસમાં વધારો થતા રાજ્યમાંથી, આંતરરાજ્ય અને રાજ્યની બહારથી સ્થળાંતરનું પ્રમાણ વધુ જોવા મળેલ છે. ગુજરાત ભારતમાં માથાદીઠ આવકની દ્રષ્ટિએ ચોથું સ્થાન ધરાવે છે. અને છેલ્લા ત્રણ દાયકા દરમિયાન ગુજરાતનો વિકાસ નોંધપાત્ર રહ્યો છે. આ ઝડપી વિકાસદર માટેનું એક મહત્ત્વનું કારણ ઝડપી ઔદ્યોગિક વિકાસ ગણવામાં આવે છે. ભારતમાં કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ગુજરાત રાજ્ય ૧૩.૨% હિસ્સો ધરાવે છે તથા દેશની કુલ નિકાસમાં ૨૧.૦% હિસ્સો ધરાવે છે. ગુજરાત રાજ્ય શહેરીકરણના સંદર્ભે હાલમાં ભારતમાં આગવું સ્થાન ધરાવે છે. વર્ષ ૧૯૬૧માં રાજ્યની કુલ વસ્તીમાં શહેરી વસ્તીનું પ્રમાણ ૨૫.૭૫% હતું જે વધીને ૨૦૧૧માં ૪૨.૫૮% જેટલું થયું છે. અંદાજિત ૫૦% શ્રમદળ બીનજોડાયેલા છે. અને ૭૦% જેટલી રાજ્યની આવક આ ક્ષેત્રમાંથી આવે છે.

**કોષ્ટક નં- ૧ ગુજરાતમાં ૧૯૯૧-૨૦૦૧ની સ્થળાંતરિત વસ્તી**

**(૯ વર્ષ દરમ્યાન)**

| સ્થળાંતર | ૨૦૦૧ | ૧૯૯૧ | ફેરફાર (%) |
|---|---|---|---|
| એક જ વિસ્તારમાં થતું સ્થળાંતર (બીજા રાજ્યોમાંથી) | ૧,૧૨૫,૮૧૮ | ૭,૦૦,૦૬૦ | ૬૦.૮ |
| એક જ વિસ્તારમાં થતું સ્થળાંતર (વિદેશમાંથી) | ૧૪,૮૦૦ | ૧૪,૮૧૦ | -૦.૧ |
| કુલ સ્થળાંતર | ૧,૧૪૦,૬૧૮ | ૭૧૪,૭૦ | ૫૯.૬ |
| એક જ વિસ્તારની બહાર થતું સ્થળાંતર | ૪,૫૧,૪૫૮ | ૩,૦૫,૭૩૮ | ૪૭.૭ |
| ચોખ્ખુ સ્થળાંતર (+/-) | ૬,૮૯,૧૬૦ | ૪,૦૯,૧૩૨ | ૬૮.૪ |

ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

સ્ત્રોત: ગરસર વિશ્વા એસ(૨૦૧૭), "ગુજરાત રાજ્યના વસ્તીના વલણો અને તેના આર્થિક સૂચિતાર્થો (૧૯૯૧-૨૦૧૧)", સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, રાજકોટ.(પેજ નં.,૩૦૭ )

ઉપરોક્ત કોષ્ટક નં-૧ પરથી સ્પષ્ટ થાય છે કે ગુજરાતમાં અલગ અલગ સ્થળેથી થતાં સ્થળાંતરિત વસ્તીનો ૧૯૯૧ થી ૨૦૦૧ સુધીમાં મોટા પાયે વધારો જોવા મળે છે. પરંતુ ૧૯૯૧ થી ૨૦૦૧ દરમિયાન વિદેશમાંથી થતા સ્થળાંતરમાં કોઈ ખાસ ફેરફાર જોવા મળતો નથી.

**સમાપન:**

આમ, સ્થળાંતરને કારણે સ્થળાંતરિત શ્રમિકોની સમસ્યાને લગતા ઘણા પ્રશ્નો હોય છે. જેવા કે તેઓ કામ મેળવવા માટે ભટકતા જોવા મળે છે. આવા શ્રમિકોનું કાયમી નિવાસ સ્થાન હોતું નથી. આવા શ્રમિકોને કામના કલાકો દરમિયાન પૂરતું વેતન મળતું નથી. તેમજ આવા શ્રમિકોની કાયદાકીય પુરતી જાણકારી ન હોવાથી મોટાભાગનાં શ્રમિકોનું શોષણ થતું હોય છે. આમ સ્થળાંતરિત શ્રમિકોની પરિસ્થિતિ ખૂબ દયાજનક હોય છે. અને ઘણી બધી સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

**Bibliography:**


- ઉચાટ.ડી.એ. (૨૦૧૨), શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર, સાહિત્ય મુદ્રણાલય, અમદાવાદ.
- ગરસર વિશ્વા એસ(૨૦૧૭), "ગુજરાત રાજ્યના વસ્તીના વલણો અને તેના આર્થિક સૂચિતાર્થો (૧૯૯૧-૨૦૧૧)", સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, રાજકોટ.
- હાંડા પ્રવીણ (૨૦૧૮), "ગુજરાત રાજ્યમાં આદિવાસી સ્થળાંતર વસ્તી ગણતરીના આકડાનું વિશ્લેષણ"
- Statistical Abstract of Gujarat State 2017
- Industries Commissionerate, Udhyog bhavan, gandhinagar, 2014.
- ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર, ૧૦ ફેબ્રુઆરી ૨૦૧૦.